GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

# "એક રાષ્ટ્ર – એક ચૂંટણી"ના શિક્ષણના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયનો એક અભ્યાસ

ડૉ. સમીર બી વાઘરોડીયા

આસિસ્ટન્ટ પ્રોફેસર એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ

dr.samirvaghrodia@gmail.com M-8733000739

❖ **સારાંશ**

ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી તંત્ર છે જ્યાં વિવિધ સ્તરે નિયમિત અંતરે ચૂંટણીઓ યોજાય છે. ભારત જ્યારે વિકસિત રાષ્ટ્ર બનવા જઈ રહ્યું છે ત્યારે ચુંટણી પ્રક્રિયા અવરોધક ન બને તે માટે છેલ્લા કેટલાક વર્ષોમાં "એક રાષ્ટ્ર – એક ચૂંટણી"નો વિચાર ચર્ચાનો વિષય બન્યો છે. આ વિચાર મુજબ લોકસભા, રાજ્યઅને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવાનો પ્રસ્તાવ છે.ચૂંટણી દરમિયાન શાળાઓના શિક્ષકોને ચૂંટણી ફરજો માટે નિયુક્ત કરવામાં આવતા હોવાથી શિક્ષણ કાર્યમાં વિક્ષેપ જોવા મળે છે. આ સંશોધનનો મુખ્ય હેતુ શિક્ષકોના "એક રાષ્ટ્ર – એક ચૂંટણી" અંગેના અભિપ્રાયો જાણવાનો છે. અભ્યાસ માટે વર્ણનાત્મક સર્વે પદ્ધતિ અપનાવવામાં આવી. આ અભિપ્રાયવલીમાં શિક્ષણ, શૈક્ષણિક વ્યવસ્થા, નાગરિક શિક્ષણ અને પ્રશાસન એમ ચાર ઘટકો ને ધ્યાનમાં રાખીને જેમાં ૧૫ હકારાત્મક અને ૧૫ નકારાત્મક એમ ૩૦ વિધાનો રાખવામાં આવ્યા. કુલ ૧૨૭ પ્રતિભાવદાતાઓ ને નમૂનાના રૂપમાં પસંદ કરવામાં આવ્યા.માહિતી એકત્રિત કરવા માટે અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો. માહિતીના વિશ્લેષણ માટે ટકા અને સરેરાશ આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો. અભ્યાસના પરિણામે જાણવા મળ્યું કે બહુમતી પ્રતિભાવદાતાઓ "એક રાષ્ટ્ર – એક ચૂંટણી"ને સમર્થન આપે છે અને તેઓ માને છે કે એકસાથે ચૂંટણી યોજવાથી શિક્ષણ કાર્યમાં થતા વિક્ષેપ ઓછા થઈ શકે છે. અને વિકસિત રાષ્ટ્ર બનવાનો પથ સરળ બનશે.

❖ **ચાવીરૂપ શબ્દ :**એક રાષ્ટ્ર એક ચૂંટણી,

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

❖ **પ્રસ્તાવના**

ભારત એક લોકશાહી દેશ છે જ્યાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દેશનું શાસન ચલાવે છે. દેશમાં લોકસભા, રાજ્ય વિધાનસભા, નગરપાલિકા અને પંચાયત જેવી વિવિધ સ્તરની ચૂંટણીઓ નિયમિત અંતરે યોજાય છે. દરેક ચૂંટણી દરમિયાન શાળાઓ અને કોલેજોના શિક્ષકોને ચૂંટણી ફરજો માટે નિયુક્ત કરવામાં આવે છે. તેના કારણે શિક્ષણ પ્રક્રિયામાં વિક્ષેપ સર્જાય છે. તાજેતરના સમયમાં "એક રાષ્ટ્ર – એક ચૂંટણી"નો વિચાર ચર્ચામાં આવ્યો છે. આ પ્રણાલી મુજબ દેશભરમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક જ સમયગાળામાં યોજવામાં આવશે. આથી ચૂંટણીના ખર્ચમાં ઘટાડો, પ્રશાસનિક સુવિધા અને શૈક્ષણિક ક્ષેત્રમાં સાતત્યતા જાળવી રાખવામાં મદદ મળી શકે છે.

❖ સમસ્યા ઉદ્ભવ:

ભારત વિકસિત રાષ્ટ્ર બનવા જઈ રહ્યું છે ત્યારે તેના અવરોધ રૂપ બાબતો ને ધ્યાન રાખાવીજ રહી. શિક્ષણ સંસ્થાઓમાં ચૂંટણી દરમિયાન શાળાઓને મતદાન કેન્દ્ર તરીકે ઉપયોગ કરવામાં આવે છે અને શિક્ષકોને ચૂંટણી ફરજો માટે મોકલવામાં આવે છે. અને શિક્ષણનો અપવ્ય થાય છે કે કેમ ? તે જાણવાનાં હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

❖ **સમસ્યા કથન**

**"એક રાષ્ટ્ર – એક ચૂંટણીના શિક્ષણના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયનો એક અભ્યાસ."**

❖ **ચાવીરૂપ શબ્દો**

**"એક રાષ્ટ્ર – એક ચૂંટણી"**

"એક રાષ્ટ્ર – એક ચૂંટણી" એ એવી ચૂંટણી પ્રણાલી છે જેમાં દેશની**લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે અથવા સમન્વિત સમયગાળા દરમિયાન યોજવામાં આવે**, જેથી ચૂંટણી પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત અને અસરકારક બને."–**ભારતીયચૂંટણીપંચ (2018)**

"આ વિચારધારા અનુસાર ભારતની લોકસભા તથા તમામ રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓને એક જ ચૂંટણી ચક્રમાં લાવીને દેશની ચૂંટણી પ્રણાલીને સરળ, સમયબદ્ધ અને ખર્ચ–બચતકારક બનાવવાની યોજના છે".–**રામનાથ કોવિન સમિતિ (2023)**

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

"એકસાથે ચૂંટણી યોજવાથી**શાસન વ્યવસ્થામાં સ્થિરતા, ખર્ચમાં ઘટાડો અને પ્રશાસનિક કાર્યક્ષમતામાં વધારો** શક્ય બને છે." – નીતિઆયોગ (2017)

"લોકસભા અને વિધાનસભાની ચૂંટણીને સમકાલીન બનાવવી એ દેશની ચૂંટણી પ્રણાલીને વધુ કાર્યક્ષમ અને સંસાધનોના યોગ્ય ઉપયોગ તરફ દોરી શકે છે." - ભારતીય કાયદા પંચ (૨૦૧૮)

❖ **સંશોધનના હેતુઓ**

1. શિક્ષકોના "એક રાષ્ટ્ર – એક ચૂંટણી" અંગેના અભિપ્રાયનો અભ્યાસ કરવો.
2. ચૂંટણીના કારણે શિક્ષણ કાર્યમાં થતી અવરોધોની જાણકારી મેળવવી.

❖ સંશોધન પદ્ધતિ

આ અભ્યાસ માટે વર્ણનાત્મક સર્વે પદ્ધતિ અપનાવવામાં આવી છે. વર્તમાન સ્થિતિ વિશે માહિતી એકત્રીકરણ **અને** માહિતી **વિશ્લેષણ** કરવાનું હોવાથી સંશોધકે વર્ણનાત્મક સર્વે પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

❖ **વ્યાપવિશ્વ**

ગુજરાત રાજ્યના આણંદ જિલ્લા શાળાના  શિક્ષકો વ્યાપ વિશ્વ તરીકે ગણવામાં આવ્યા.

❖ **નમૂનો**

અભ્યાસ માટે આણંદ જિલ્લાનાં  કુલ ૨૦૦પ્રતિભાવદાતાઓ પસંદ કરવામાં આવ્યા. જેમાં ૧૨૭ શિક્ષકો લેવામાં આવ્યા હતાં.નમૂનાની પસંદગી માટે યાદચ્છિક નમૂનાકરણ પદ્ધતિઅપનાવવામાં આવી.

❖ સંશોધન સાધન : અભ્યાસ માટે સંશોધકે **અભિપ્રાયાવલી** તૈયાર કરી જેમાં Likert Scale આધારિત વિધાનો  સામેલ હતા.જેમાં ૧૫ હકારાત્મક અને ૧૫ નકારાત્મક એમ ૩૦ વિધાનો રાખવામાં આવ્યા. જેમાં ૫–સ્કેલ આધારિત વિકલ્પો લેવામાં આવ્યા છે.

❖ **માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં આંણદના ૨૦૦–શિક્ષકો ગુગલ ફોર્મ મોકલવામાં આવ્યા, જેમાંથી આંણદના ૧૨૭–શિક્ષકો ગુગલ ફોર્મનાં માધ્યમથી અભિપ્રાયો આપ્યા હતા. ૧૨૭ અભિપ્રાયોમાંથી માહિતી એકત્રીકરણ કરવામાં આવ્યું .

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

❖ **માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન**

માહિતી એકત્રીકરણ કર્યા બાદ સંશોધન હેતુને ધ્યાનમાં રાખીને ૧૨૭–શિક્ષકોના અભિપ્રાયોના વિધાનોનું માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું માહિતીનું વિશ્લેષણ કરવા માટે શતમાન અંકશાસ્ત્રીય પ્રવિધિનો ઉપયોગ કરવામાં આવેલ..

**૧."એક રાષ્ટ્ર– એક ચૂંટણી"ના શિક્ષણના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાય વિષે ટકાવારીનો અભ્યાસ**

| ક્રમ | વિધાન (સારાંશ) | સંપૂર્ણ સહમત (%) | સહમત (%) | નિષ્પક્ષ (%) | અસહમત (%) | સંપૂર્ણ અસહમત (%) | કુલ (%) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | શૈક્ષણિક કાર્યમાં અવરોધ ઓછો થશે | 52.8 | 33.6 | 2.4 | 3.2 | 8.0 | 100 |
| 2 | વારંવાર ચૂંટણીથી થતો વિક્ષેપ ઘટશે | 56.8 | 27.2 | 5.6 | 5.6 | 4.8 | 100 |
| 3 | શિક્ષકોને ચૂંટણી ફરજમાં વારંવાર જોડાવું નહીં પડે | 57.6 | 30.4 | 5.6 | 3.2 | 3.2 | 100 |
| 4 | શૈક્ષણિક કેલેન્ડર વધુ સુવ્યવસ્થિત બનશે | 55.2 | 32.8 | 4.0 | 4.0 | 4.0 | 100 |
| 5 | શૈક્ષણિક પ્રવૃત્તિઓ નિયમિત રહેશે | 49.6 | 38.4 | 4.0 | 4.0 | 4.0 | 100 |
| 6 | લોકતંત્ર વિશે સમજ વિકસાવવામાં મદદરૂપ | 33.6 | 40.8 | 13.6 | 8.8 | 3.2 | 100 |
| 7 | નાગરિક જાગૃતિ | 35.2 | 48.0 | 10.4 | 4.0 | 2.4 | 100 |

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

| ક્રમ | વિધાન (સારાંશ) | સંપૂર્ણ સહમત (%) | સહમત (%) | નિષ્પક્ષ (%) | અસહમત (%) | સંપૂર્ણ અસહમત (%) | કુલ (%) |
|---|---|---|---|---|---|---|---|
| | વધારવામાં મદદરૂપ | | | | | | |
| 8 | શૈક્ષણિક આયોજન વધુ અસરકારક બનશે | 49.6 | 35.2 | 8.0 | 4.0 | 3.2 | 100 |
| 9 | પરીક્ષા અને કાર્યક્રમો ઓછા પ્રભાવિત થશે | 51.2 | 35.4 | 8.7 | 1.6 | 3.1 | 100 |
| 10 | શિક્ષણ ક્ષેત્રમાં સ્થિરતા વધશે | 44.8 | 41.6 | 6.4 | 4.0 | 3.2 | 100 |
| 11 | વિષય ચર્ચા માટે મહત્વપૂર્ણ છે | 44.0 | 44.0 | 4.8 | 4.0 | 3.2 | 100 |
| 12 | શિક્ષકો માટે જાગૃતિ જરૂરી છે | 46.4 | 47.2 | 4.0 | 0.0 | 2.4 | 100 |
| 13 | સંસ્થાઓનું નિયમિત કાર્ય સરળ બનશે | 43.2 | 42.4 | 7.2 | 2.4 | 4.8 | 100 |
| 14 | નાગરિક મૂલ્યો વિકસાવવામાં ઉપયોગી | 36.8 | 41.6 | 15.2 | 2.4 | 4.0 | 100 |
| 15 | શિક્ષણ વિકાસ માટે રાજકીય સ્થિરતા જરૂરી | 42.4 | 40.8 | 10.4 | 2.4 | 4.0 | 100 |
| 16 | નીતિઓનું અમલીકરણ સરળ બનશે | 37.8 | 41.7 | 14.2 | 3.2 | 3.1 | 100 |

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

| ક્રમ | વિધાન (સારાંશ) | સંપૂર્ણ સહમત (%) | સહમત (%) | નિષ્પક્ષ (%) | અસહમત (%) | સંપૂર્ણ અસહમત (%) | કુલ (%) |
|---|---|---|---|---|---|---|---|
| 17 | લોકતંત્ર શિક્ષણ વધુ અસરકારક બનશે | 33.9 | 45.7 | 13.4 | 4.6 | 2.4 | 100 |
| 18 | શિક્ષણ ક્ષેત્રમાં કોઈ ખાસ લાભ નથી | 7.1 | 13.4 | 14.2 | 40.1 | 25.2 | 100 |
| 19 | પ્રણાલી શિક્ષણ માટે મહત્વપૂર્ણ નથી | 5.5 | 12.6 | 15.7 | 37.1 | 29.1 | 100 |
| 20 | શિક્ષકો પર વધારાનો દબાણ આવશે | 13.4 | 12.6 | 16.5 | 31.5 | 26.0 | 100 |
| 21 | સંસ્થાઓના કાર્યમાં ગૂંચવણ ઊભી થશે | 7.1 | 11.0 | 11.8 | 40.2 | 29.9 | 100 |
| 22 | ચૂંટણી મુદ્દાઓની ચર્ચા જરૂરી નથી | 4.7 | 18.1 | 18.1 | 33.1 | 26.0 | 100 |
| 23 | વિદ્યાર્થીઓમાં રાજકીય વિવાદ વધશે | 7.9 | 13.4 | 14.2 | 40.9 | 23.6 | 100 |
| 24 | મતદાન કેન્દ્ર તરીકે ઉપયોગથી વાતાવરણ પ્રભાવિત થશે | 20.5 | 31.5 | 13.4 | 22.8 | 11.8 | 100 |
| 25 | શિક્ષણમાં આ વિષય મહત્વનો નથી | 7.1 | 11.0 | 18.1 | 41.7 | 22.1 | 100 |

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

| ક્રમ | વિધાન (સારાંશ) | સંપૂર્ણ સહમત (%) | સહમત (%) | નિષ્પક્ષ (%) | અસહમત (%) | સંપૂર્ણ અસહમત (%) | કુલ (%) |
|---|---|---|---|---|---|---|---|
| 26 | પ્રણાલી અનાવશ્યક છે | 11.1 | 16.5 | 16.5 | 32.3 | 23.6 | 100 |
| 27 | શિક્ષકો માટે સમજવું જરૂરી નથી | 6.3 | 7.1 | 14.2 | 44.8 | 27.6 | 100 |
| 28 | સંસ્થાઓ પર પ્રશાસકીય ભાર વધશે | 7.9 | 22.0 | 18.1 | 32.3 | 19.7 | 100 |
| 29 | વિદ્યાર્થીઓના અભ્યાસમાં ગૂંચવણ થશે | 5.5 | 14.2 | 13.4 | 40.9 | 26.0 | 100 |
| 30 | શિક્ષણ ક્ષેત્રમાં ગેરસમજ ઊભી થશે | 5.5 | 8.7 | 18.1 | 44.9 | 22.8 | 100 |

**વિધાનવાર વિશ્લેષણ**

વિધાન 1 **“એક રાષ્ટ્ર–એક ચૂંટણીથી શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્યમાં અવરોધ ઓછો થશે.”**

- સંપૂર્ણ સહમત : 52.8%
- સહમત : 33.6%
- કુલ સહમત : **86.4%**

➡ મોટાભાગના પ્રતિભાવદાતાઓ માનતા હતા કે આ પ્રણાલીથી શૈક્ષણિક કાર્યમાં થતા વિક્ષેપમાં ઘટાડો થશે.

વિધાન 2 **વારંવાર થતી ચૂંટણીઓના કારણે શિક્ષણમાં થતો વિક્ષેપ આ પ્રણાલીથી ઘટશે.**

- સંપૂર્ણ સહમત : 56.8%
- સહમત : 27.2%

- કુલ સહમત **: 84%**

➡ મોટાભાગના શિક્ષકો માને છે કે વારંવાર થતી ચૂંટણીથી શિક્ષણમાં વિક્ષેપ થાય છે અને એકસાથે ચૂંટણી થવાથી તેમાં ઘટાડો થશે.

વિધાન 3 **આ પ્રણાલીથી શિક્ષકોને ચૂંટણી ફરજમાં વારંવાર જોડાવું નહીં પડે.**

- સંપૂર્ણ સહમત : 57.6%
- સહમત : 30.4%
- કુલ સહમત **: 88%**

➡ પ્રતિભાવદાતાઓનો મોટો ભાગ માને છે કે આ પ્રણાલીથી શિક્ષકો પર ચૂંટણી ફરજનો ભાર ઓછો થશે.

**વિધાન 4** શૈક્ષણિક કેલેન્ડર વધુ સુવ્યવસ્થિત બની શકે છે.

- સંપૂર્ણ સહમત : 55.2%
- સહમત : 32.8%
- કુલ સહમત **: 88%**

➡ શિક્ષકો માને છે કે એકસાથે ચૂંટણી થવાથી શૈક્ષણિક આયોજન વધુ સુવ્યવસ્થિત બની શકે.

વિધાન 5 **શૈક્ષણિક પ્રવૃત્તિઓ નિયમિત રીતે ચાલી શકે છે.**

- સંપૂર્ણ સહમત : 49.6%
- સહમત : 38.4%
- કુલ સહમત **: 88%**

➡ મોટા પ્રમાણમાં પ્રતિભાવદાતાઓ માને છે કે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વધુ નિયમિત બની શકે.

વિધાન 6 વિદ્યાર્થીઓમાં લોકતંત્ર વિશે સમજ વિકસાવવામાં મદદરૂપ.

- સંપૂર્ણ સહમત : 33.6%
- સહમત : 40.8%
- કુલ સહમત **: 74.4%**

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

➡ પ્રતિભાવદાતાઓ માને છે કે આ પ્રણાલી લોકતંત્ર વિશે સમજ વધારવામાં સહાયક બની શકે.

વિધાન 7 **નાગરિક જાગૃતિ વધારવામાં મદદરૂપ.**

- સંપૂર્ણ સહમત : 35.2%
- સહમત : 48%
- કુલ સહમત : **83.2%**

➡ મોટા ભાગના પ્રતિભાવદાતાઓ માને છે કે વિદ્યાર્થીઓમાં નાગરિક જાગૃતિ વધે.

વિધાન 8 **શૈક્ષણિક આયોજન વધુ અસરકારક બની શકે.**

- સંપૂર્ણ સહમત : 49.6%
- સહમત : 35.2%
- કુલ સહમત : **84.8%**

➡ પ્રતિભાવદાતાઓના મતે આ પ્રણાલી શિક્ષણ આયોજનમાં સુધારો લાવી શકે.

**વિધાન 9 પરીક્ષા અને અન્ય કાર્યક્રમો ઓછા પ્રભાવિત થશે.**

- સંપૂર્ણ સહમત : 51.2%
- સહમત : 35.4%
- કુલ સહમત : **86.6%**

➡ મોટા ભાગના પ્રતિભાવદાતાઓ માને છે કે શૈક્ષણિક કાર્યક્રમો પર ઓછો અસર પડશે.

**વિધાન 10 શિક્ષણ ક્ષેત્રમાં સ્થિરતા વધશે.**

- સંપૂર્ણ સહમત : 44.8%
- સહમત : 41.6%
- કુલ સહમત : **86.4%**

➡ પ્રતિભાવદાતાઓ માને છે કે આ પ્રણાલીથી શિક્ષણ ક્ષેત્રમાં સ્થિરતા વધશે.

વિધાન 11 – 17 (શૈક્ષણિક મહત્વ)

આ વિધાનોમાં પણ **80% થી વધુ પ્રતિભાવદાતાઓ સહમત** જોવા મળે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

મુખ્ય તારણ:

- આ વિષય શિક્ષણ ક્ષેત્રમાં ચર્ચા માટે મહત્વપૂર્ણ છે.
- શિક્ષકોમાં જાગૃતિ હોવી જરૂરી છે.
- નાગરિક મૂલ્યો અને લોકતંત્ર શિક્ષણ માટે ઉપયોગી છે.
- શિક્ષણ નીતિઓના અમલીકરણમાં મદદરૂપ બની શકે.

વિધાન 18 – 30 (નકારાત્મક વિધાનો)

આ વિધાનોમાં મોટાભાગના પ્રતિભાવદાતાઓએ **અસહમતિ દર્શાવી છે,** જેમ કે:

- આ પ્રણાલીનો કોઈ લાભ નથી
- શિક્ષણ માટે મહત્વપૂર્ણ નથી
- ગૂંચવણ ઉભી કરશે
- વિદ્યાર્થીઓમાં રાજકીય વિવાદ વધારશે

❖ **ઉદાહરણ:**

**વિધાન 18 "આ પ્રણાલીથી શિક્ષણ ક્ષેત્રમાં કોઈ ખાસ લાભ નથી"**

- અસહમત : 40.1%
- સંપૂર્ણ અસહમત : 25.2%
- કુલ અસહમત : **65.3%**

➡ એટલે કે મોટાભાગના પ્રતિભાવદાતાઓ આ નિવેદન સાથે સહમત નથી.

વિધાન 21 **"આ પ્રણાલીથી સંસ્થાઓના કાર્યમાં ગૂંચવણ ઊભી થશે"**

- અસહમત : 40.2%
- સંપૂર્ણ અસહમત : 29.9%

➡ મોટાભાગના પ્રતિભાવદાતાઓ માને છે કે ગૂંચવણ ઊભી નહીં થાય.

વિધાન 30 **"આ પ્રણાલીથી શિક્ષણ ક્ષેત્રમાં ગેરસમજ ઊભી થશે"**

- અસહમત : 44.9%

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

- સંપૂર્ણ અસહમત : 22.8%

➡ પ્રતિભાવદાતાઓ માને છે કે ગેરસમજ ઊભી થવાની સંભાવના ઓછી છે.

૨."એક રાષ્ટ્ર – એક ચૂંટણી"ના શિક્ષણના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાય વિષે સરેરાશ

| ક્રમ | વિધાન | Mean | SD |
|---|---|---|---|
| 1 | શૈક્ષણિક કાર્યમાં અવરોધ ઓછો થશે | 4.20 | 1.17 |
| 2 | વારંવાર ચૂંટણીથી થતો વિક્ષેપ ઘટશે | 4.26 | 1.10 |
| 3 | શિક્ષકોને ચૂંટણી ફરજમાં વારંવાર જોડાવું નહીં પડે | 4.36 | 0.96 |
| 4 | શૈક્ષણિક કેલેન્ડર વધુ સુવ્યવસ્થિત બનશે | 4.31 | 1.01 |
| 5 | શૈક્ષણિક પ્રવૃત્તિઓ નિયમિત રહેશે | 4.26 | 1.00 |
| 6 | લોકતંત્ર વિશે સમજ વિકસાવવામાં મદદરૂપ | 3.93 | 1.05 |
| 7 | નાગરિક જાગૃતિ વધારવામાં મદદરૂપ | 4.10 | 0.91 |
| 8 | શૈક્ષણિક આયોજન વધુ અસરકારક બનશે | 4.24 | 0.98 |
| 9 | પરીક્ષા અને કાર્યક્રમો ઓછા પ્રભાવિત થશે | 4.30 | 0.92 |
| 10 | શિક્ષણ ક્ષેત્રમાં સ્થિરતા વધશે | 4.21 | 0.96 |
| 11 | વિષય ચર્ચા માટે મહત્વપૂર્ણ છે | 4.22 | 0.94 |
| 12 | શિક્ષકો માટે જાગૃતિ જરૂરી છે | 4.35 | 0.77 |
| 13 | સંસ્થાઓનું નિયમિત કાર્ય સરળ બનશે | 4.17 | 1.00 |
| 14 | નાગરિક મૂલ્યો વિકસાવવામાં ઉપયોગી | 4.05 | 0.99 |
| 15 | શિક્ષણ વિકાસ માટે રાજકીય સ્થિરતા જરૂરી | 4.15 | 0.98 |
| 16 | નીતિઓનું અમલીકરણ સરળ બનશે | 4.08 | 0.96 |
| 17 | લોકતંત્ર શિક્ષણ વધુ અસરકારક બનશે | 4.04 | 0.93 |
| 18 | શિક્ષણ ક્ષેત્રમાં કોઈ ખાસ લાભ નથી | 2.37 | 1.20 |

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

| | | | |
|---|---|---|---|
| 19 | પ્રણાલી શિક્ષણ માટે મહત્વપૂર્ણ નથી | 2.28 | 1.17 |
| 20 | શિક્ષકો પર વધારાનો દબાણ આવશે | 2.56 | 1.35 |
| 21 | સંસ્થાઓના કાર્યમાં ગૂંચવણ ઊભી થશે | 2.25 | 1.20 |
| 22 | ચૂંટણી મુદ્દાઓની ચર્ચા જરૂરી નથી | 2.42 | 1.19 |
| 23 | વિદ્યાર્થીઓમાં રાજકીય વિવાદ વધશે | 2.41 | 1.21 |
| 24 | મતદાન કેન્દ્ર તરીકે ઉપયોગથી વાતાવરણ પ્રભાવિત થશે | 3.26 | 1.33 |
| 25 | શિક્ષણમાં આ વિષય મહત્વનો નથી | 2.39 | 1.15 |
| 26 | પ્રણાલી અનાવશ્યક છે | 2.59 | 1.31 |
| 27 | શિક્ષકો માટે સમજવું જરૂરી નથી | 2.20 | 1.11 |
| 28 | સંસ્થાઓ પર પ્રશાસકીય ભાર વધશે | 2.66 | 1.24 |
| 29 | વિદ્યાર્થીઓના અભ્યાસમાં ગૂંચવણ થશે | 2.32 | 1.16 |
| 30 | શિક્ષણ ક્ષેત્રમાં ગેરસમજ ઊભી થશે | 2.29 | 1.08 |

સરેરાશ સરખામણી પરથી સ્પષ્ટ થાય છે કે:

- **વિધાન 1 થી 17 (સકારાત્મક વિધાન)** માટે Mean 4ની આસપાસ છે એટલે પ્રતિભાવદાતાઓ સહમત છે.
- **વિધાન 18 થી 30 (નકારાત્મક વિધાન)** માટે Mean 2–2.6 વચ્ચે છે એટલે પ્રતિભાવદાતાઓ અસહમત છે.
- Overall રીતે શિક્ષકો અને અધ્યાપકોનો અભિપ્રાય **"એક રાષ્ટ્ર – એક ચૂંટણી" પ્રણાલી પ્રત્યે સકારાત્મક છે.**

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

❖ **એકંદર સરેરાશ અર્થઘટન**

આ અભ્યાસમાં મળેલ **Overall Mean = 3.46** છે. આ મૂલ્ય **3.41 – 4.20** ની શ્રેણીમાં આવે છે, તેથી તેનો અર્થ થાય છે કે પ્રતિભાવદાતાઓનો સરેરાશ અભિપ્રાય **"સહમત"** તરફ છે.

અર્થાત્ શિક્ષકો અને અધ્યાપકો મોટાભાગે માને છે કે **"એક રાષ્ટ્ર – એક ચૂંટણી" પ્રણાલી શિક્ષણના સંદર્ભમાં લાભદાયક બની શકે છે.**

❖ સંશોધન આધારિત નિષ્કર્ષ

આ સર્વેક્ષણ પરથી નીચેના મહત્વપૂર્ણ તારણો પ્રાપ્ત થાય છે:

1. મોટાભાગના શિક્ષકો **"એક રાષ્ટ્ર–એક ચૂંટણી" પ્રણાલી પ્રત્યે સકારાત્મક અભિપ્રાય ધરાવે છે.** બહુમતી શિક્ષકો "એક રાષ્ટ્ર – એક ચૂંટણી"ને સમર્થન આપે છે

2. આ પ્રણાલીથી

- શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ ઓછો થશે
- શિક્ષકો પર ચૂંટણી ફરજનો ભાર ઓછો થશે
- શૈક્ષણિક કેલેન્ડર વધુ સુવ્યવસ્થિત બનશે.

2. આ પ્રણાલી **લોકતંત્ર શિક્ષણ અને નાગરિક જાગૃતિ માટે ઉપયોગી બની શકે છે.**

3. એકસાથે ચૂંટણી યોજવાથી શૈક્ષણિક સમય અને નાંણા બચી શકે છે

4. મોટાભાગના પ્રતિભાવદાતાઓએ નકારાત્મક નિવેદનો સાથે અસહમતિ દર્શાવી છે.

5. તેથી શિક્ષણ ક્ષેત્રના દષ્ટિકોણથી "એક રાષ્ટ્ર–એક ચૂંટણી" પ્રણાલી **ઉપયોગી અને લાભદાયી હોઈ શકે છે.**

શિક્ષણકાર્ય, શૈક્ષણિક વ્યવસ્થા, નાગરિક શિક્ષણ અને પ્રશાસન એમ ચાર ઘટકોના સંદર્ભે શિક્ષકોએ અભિપ્રાયો આપ્યા જેમાં "એક રાષ્ટ્ર – એક ચૂંટણી"ને સમર્થન આપતા વિધાનોની તરફેણમાં અભિપ્રાયો આપ્યા હતા એટલે કે મોટા ભાગના શિક્ષકો એ "એક રાષ્ટ્ર – એક ચૂંટણી" ને સ્વીકારે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

❖ **સૂચનો**

1. શિક્ષણ સંસ્થાઓમાં ચૂંટણી દરમિયાન ઓછો વિક્ષેપ થાય તે માટે યોગ્ય આયોજન કરવું.

2. ચૂંટણી પ્રક્રિયામાં શિક્ષકો પર પડતા વધારાના બોજને ઘટાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવી.

3. "એક રાષ્ટ્ર – એક ચૂંટણી" અંગે શિક્ષણ ક્ષેત્રમાં વધુ સંશોધન કરવું.

❖ સંશોધન મર્યાદા

1. આ અભ્યાસ માત્ર આણંદ જિલ્લોના શિક્ષકો સુધી મર્યાદિત છે

1. અભ્યાસ માટે માત્ર **૧૨૭ શિક્ષકોના નમૂનાનો** સમાવેશ કરવામાં આવ્યો હતો.

2. માહિતી એકત્રિત કરવા માટે માત્ર અભિપ્રાયાવલી (Likert Scale) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

3. માહિતી એકત્રિત કરવા માટે **Google Form** નો ઉપયોગ કરવામાં આવ્યો હતો

4. અભ્યાસમાં માત્ર **શિક્ષકોના અભિપ્રાયો**નો સમાવેશ કરવામાં આવ્યો છે

5. સંશોધનમાં મુખ્યત્વે **ટકાવારી અને સરેરાશ (Mean)** જેવી સરળ આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે

6. આ અભ્યાસમાં શિક્ષકોના અભિપ્રાયો **વ્યક્તિગત અનુભવ અને ધારણા** પર આધારિત છે, તેથી તેમાં વ્યક્તિગત પૂર્વગ્રહ હોવાની શક્યતા રહેલી છે.

❖ **ઉપસંહાર**

"એક રાષ્ટ્ર – એક ચૂંટણી" પ્રણાલી ભારતના રાજકીય અને પ્રશાસનિક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવી શકે છે. આ અભ્યાસથી જાણવા મળે છે કે શિક્ષકો આ વિચારને સકારાત્મક રીતે જોવે છે. તેઓ માને છે કે એકસાથે ચૂંટણી યોજવાથી શિક્ષણ પ્રક્રિયામાં થતા વિક્ષેપ ઓછા થઈ શકે છે અને શૈક્ષણિક આયોજન વધુ અસરકારક બની શકે છે. તેથી આ વિષય પર વધુ વ્યાપક સંશોધન કરવાની જરૂરિયાત છે.

**સંદર્ભ સૂચિ (References)**

1. Election Commission of India (2023). Election Process in India.

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

2. Law Commission of India Report on Simultaneous Elections.

3. Government of India (2018). One Nation One Election Discussion Paper.

4. Kumar, R. (2019). Electoral Reforms in India. New Delhi: Academic Publication.

5. ઉચાટ, ડી એ. અને સાથીઓ "સંશોધનનુ સંદોહન"રાજકોટ: શિક્ષણ શાસ્ત્રી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

6. દેસાઈ, એચ.જી અને દેસાઈ, કે.જી. (1973). "સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ" અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય